માનવને પ્રભુભક્તિનો માર્ગ બતાવે તે સાચા ગુરૂ બને છે

સમદર્શન આશ્રમ ખાતે પૂજ્ય ગુરૂમાની અમૃતવાણી

કથાના બીજા દિવસે ધ્રુવચરિત્રની કથા આગળ ચલાવતા પૂ. ગુરુમાએ જણાવ્યું કે નારદ મુનિએ બાળક ધ્રુવના ગુરુસ્થાનેથી દ્વાદશાક્ષર મંત્ર 'ૐ નમો ભગવતે વાસુદેવાય' ની દીક્ષા આપી અને નિરંતર જપ કરવાનો આદેશ આપ્યો. દ્વાદશાક્ષર મંત્ર સર્વનો સૂચક, સિદ્ધિદાયક મંત્ર છે અને ભગવાનની

તે વાંગ્મયી મૂર્તિ (અક્ષર દેહ) છે. સર્વ સમાવેશક અને સર્વ સિદ્ધિદાતા છે. ગુરુ આદેશને શિરોમાન્ય કરી, મંત્રજપની વિધિ પ્રાપ્ત કરી, બાળક ધ્રુવ વૃંદાવનમાં મધુવનમાં આવ્યા જ્યાં પ્રભુપ્રાપ્તિ અર્થે તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો. બાળક ધ્રુવે તપ કેવી રીતે કર્યું તેની વિગતો આપતાં પૂ. ગુરુમાએ જણાવ્યું કે ધ્રુવના તપથી પ્રસન્ન થઈ ભગવાન તેમને દર્શન આપવા નહીં પરંતુ ધ્રુવના તપથી પ્રસન્ન થયેલ ભગવાન સ્વયં તેમના દર્શન અર્થે પધાર્યા અને ધ્રુવને આશિષ આપ્યા. આમ ભગવાનને તેમના ભક્તો કેટલા પ્રિય છે તેની ઝાંખી પૂ. ગુરુમાએ કરાવી. નારદજી જેવા મહાપુરુષના કૃપાપ્રસાદથી પ્રભુદર્શન થયા તેથી ધ્રુવજીએ ભગવાન પાસે નિરંતર મહાપુરુષોનો સંગ-સત્સંગ તથા કથામૃતના પાનનો લાભ માંદ્યો. કથામૃત સંસારના ભયોથી મુક્ત કરાવે છે. ભગવાને ધ્રુવને અચલ પદ આપ્યું. ધ્રુવ રાજગાદી પર બેઠા છતાં ભક્ત અને સંત તરીકે પ્રખ્યાત થયા.

કથાપ્રવાહમાં આગળ રૂપકાત્મક રીતે બર્હિરાજા, પુરંજન રાજાની કથાઓ વિગતવાર સદૃષ્ટાંત સમજાવી. ચોથા સ્કંધની કથા સમાપ્ત થઈ અને પાંચમા સ્કંધનો શુભારંભ થયો. ચોથા સ્કંધમાં મહાત્મા વિદુરજી અને મૈત્રેયી ઋષિનો સંવાદ સાથેની કથા સમાપ્ત થઈ. હવેની કથામાં પરીક્ષિત રાજાને સ્વયં શુકદેવજી મહારાજ કથા સંભળાવે છે. આગળની કથામાં મનુ મહારાજનું જીવનચરિત્ર તથા રાજા પ્રિયવર્તની કથાનું રસપાન કરાવ્યું. જેને ભાવિક શ્રોતાગણે આકંઠ માણ્યું.

આગળ કથામાં સંસારની અસારતા વેષે તથા પરમગતિની પ્રાપ્તિ અર્થે પ્રભુપ્રાપ્તિ અર્થે આવશ્યક પ્રભુભજનનું મહત્વ સમજાવવામાં આવ્યું તેમજ ભગવાન ઋષભદેવના અવતારની કથાનું વર્ણન કરવામાં આવ્યું. જીવનના અંત સમયે જો માનવ ભગવાને શરણે જાય તો પણ અવશ્ય તેનું કલ્યાણ થાય છે, મૃત્યુ સુધરે છે. અહંભાવનો ત્યાગ કરીને તપને સ્વીકારવા જણાવ્યું કારણકે તપ દિવ્ય સાધન છે. તે અંતરને શુદ્ધ કરે છે. તપ સાથે યમ-નિયમના પાલનથી અંતરમનની શુદ્ધિ થાય છે. અનંત અને નિત્ય એવા બ્રહ્માનંદની પ્રાપ્તિ માટે યોગ્ય બનાવે છે. માનવદેહ ભોગો ભોગવવા નહીં પણ તપસ્યા અને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે છે. મહાપુરુષોની સેવા મુક્તિપ્રાપ્તિને સરળ બનાવે છે. ઈશ્વર પ્રાપ્તિ અને મોક્ષપ્રાપ્તિના પગથિયા દર્શાવતા પૂ. ગુરુમાએ જણાવ્યું કે દરેક માનવે સત્સંગ કરવો. મનને નિર્વેર બનાવવું, યોગના પંથે ચાલવું, ગુરુમા શ્રદ્ધા રાખવી, અપ્રમાદી બનવું, વૈરાગ્ય ધારણ કરવો,

● અનુસંધાન પાન-૭ પર

રવિવારે રાજપૂત સમાજ ખાતે આલોહા એરેશેનિક્સ અને નીમ્બસ સંસ્થા દ્વારા એક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ગાણીતીક સ્પર્ધા, અંગ્રેજી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને ડાન્સ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં બાળકોએ સવારે ૭ થી લઈ સાંજના ૫ સુધી ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ભાવિનભાઈ પટેલે ચિત્રકલા અને જયદીપ ઉપલા તેમજ હેમાબેન ભટ્ટે ડાન્સમાં નિર્ણાયકો તરીકે સેવાઓ આપી હતી. **(તસવીર : કશ્યપ ભિમાવત)**

સે. ૨૧માં પાર્કીંગ પ્લેસની કામગીરી આરંભાશે

શોપિંગ વિસ્તારમાં જટીલ પાર્કીંગ સમસ્યાનો અંત આવશે

ગાંધીનગર, તા. ૨૩

સે. ૨૧ના મુખ્ય શોપિંગ સેન્ટરને અનુલક્ષી વાહન પાર્કીંગની સળગતી સમસ્યાને ડામવા તંત્ર દ્વારા હવે નવુ પાર્કીંગ પ્લેટ ઉભું કરાશે. કાર્મેલ સ્કૂલ નજીકના ખુલ્લા પ્લોટમાં વિશાળ પાર્કીંગ બનાવવા રૂ. ૧૦ લાખનો ખર્ચ થશે. પાર્કીંગ તૈયાર કરવા જાન્યુઆરીમાં કામ શરૂ કરી દેવાશે.

શહેરમાં હાલ પાર્કીંગની સમસ્યા જટીલસ્વરૂપે ઉભરી આવી છે. શાળા-કોલેજો ઉપરાંત કોમર્શિયલ કોમ્પ્લેક્ષો આસપાસ પણ રોજબરોજ આડેધડ ખડકાતા વાહનોના લીધે ટ્રાફિકને લગતા પ્રશ્નો ઉદ્‌ભવે છે. સે. ૨૧ ના મુખ્ય શોપિંગ સેન્ટરમાં પણ પાર્કીંગની સમસ્યા શિરદર્દરૂપ બની છે. હાલ ઉપલબ્ધ પાર્કિંગ વ્યવસ્થા પર્યાપ્ત ન હોવાથી શોપિંગ વિસ્તારમાં સ્થિત સર્વિસ રોડ પણ બ્લોક થઈ જાય છે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરને અનુલક્ષી અલાયદી પાર્કીંગ વ્યવસ્થાનું નિર્માણ કરવા તંત્ર દ્વારા આયોજન કરી દેવાયું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૨૧માં કાર્મેલ શાળા સામેના સર્વિસ રોડથી આગળ જતા વનવિભાગની જગ્યા પાસેના ખુલ્લા મેદાનમાં વિશાળ પાર્કીંગ પ્લેટ ઉભું કરવા કામ હાથ ધરાશે. પાર્કીંગ બ્લોક બનાવવા પાછળ રૂ. ૧૦ લાખનો ખર્ચ થશે. આ મામલે ટેન્ડરપ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જ્યારે ટુંકમાં જ ટેન્ડર આખરી થતા કામ શરૂ કરી દેવાશે. પાર્કીંગ પ્લેટનું આયોજન આખરી થતા આ વિસ્તારમાં વાહન પાર્કીંગની જટીલ સમસ્યાનો ટુંકમાં અંત આવશે.

સરીતા ઉદ્યાનમાં કાફેટેરીયા પુનઃ શરૂ કરાશે

અગાઉ પ્રવાસન નિગમ કાફેટેરીયા ચલાવતું હતું

ગાંધીનગર, તા. ૨૩

સહેલાણીઓ માં અદમ્ય આકર્ષણ ધરાવતા સરીતા ઉદ્યાનમાં વર્ષો બાદ બંધ કાફેટેરીયા પુનઃ ધમધમતું થશે. માર્ગ મકાન વિભાગ કક્ષાએથી હવે આ કાફેટેરીયા શરતો આધારિત ભાડા પેટે ફાળવવામાં આવશે.

'જ' માર્ગ પર સ્થિત સરિત ઉદ્યાન દાયકાઓથી સહેલાણીઓમાં આગવું આકર્ષણ ધરાવે છે. આ પ્રાકૃતિક ઉદ્યાનમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદથી પણ મોટી સંખ્યામાં યુવક યુવતિઓ સહિત પરિવારજનો સહેલવા માટે આવે છે. થોડા સમય અગાઉ ઉદ્યાનમાં પ્રેમી-યુગલો કઢંગી હાલતમાં બેસતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા સરીતા ઉદ્યાનની ઓળખ ખરડાઈ હતી. શહેરના સ્થાપના કાળથી હરિયાળા નગરમાં

● અનુસંધાન પાન-૭ પર

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરમાં ક્રિસમસ પર્વની ઉજવણી અંગેની તડામાર તૈયારીઓ આરંભાઈ છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન શ્રી ડૉ. ભરત પટેલ એક સપ્તાહની રજા પર જતાં આર.એમ.ઓ. ડૉ. દક્ષાબેન પૂજારાને તેમનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.
- ૧લી જાન્યુઆરીથી ઓમકારેશ્વર મહાદેવ ખાતે શિવ મહાપુરાણ કથા કનૈયાલાલ મહારાજની વ્યાસપીઠે આરંભાઈ રહી છે.
- ગાંધીનગરના ૨૦ થી વધુ સાહિત્યકારો આણંદ ખાતેના સાહિત્ય પરિષદના અધિવેશનમાં ભાગ લેવા રવાના થયા છે.
- ગાંધીનગર શહેરમાં શાળાઓના સમયમાં ફેરફાર ન થતાં વાલીઓમાં ગણગણાટ વધવા પામ્યો છે.
- ડિસેમ્બર માસનું અંતિમ સપ્તાહ હોવાથી કર્મચારીઓ પણ મરજીયાત રજાઓ અને બાકી રહેલ સીએલ ભોગવી વેકેશનના મૂડમાં છે.
- મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારથી બે દિવસના દિલ્હી પ્રવાસે જશે. દિલ્હી ખાતે મંગળવારે મળનારી ભાજપની રાષ્ટ્રીય પદાધિકારીઓની બેઠકમાં હાજરી આપવા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારે દિલ્હી જશે.

ગાંધીનગર જિલ્લામાં ટ્રાફીકની સમસ્યા નિવારવા ૧૦૯૫ સેવા શરૂ થશે

કોઈ પણ સ્થળે ટ્રાફીકનો પ્રશ્ન જણાય તો આ નંબર પર કોલ કરતાની સાથે જ કવીક રીસ્પોન્સ મળશે

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદ સીટીની માફક હવે ગાંધીનગર જિલ્લામાં પણ ટ્રાફીકની સમસ્યાઓ નિવારવા માટે ૧૦૯૫ સેવાનો ટુંક સમયમાં જ આરંભ કરવામાં આવનાર છે. કોઈ પણ વિસ્તારમાં આડેધડ પાર્કિંગથી માંડીને ટ્રાફિક જામ સહિતની સમસ્યા અંગે આ સેવામાં કોલ કરવામાં આવશે એટલે તુરત જ તેને ગંભીરતાથી લઈને કવીક રીસ્પોન્સ આપી સમસ્યાનું નિવારણ કરવામાં આવશે.

અમદાવાદ સીટી વિસ્તારમાં ૧૦૯૫ સેવા શરુ થઈ ગઈ છે તેને

1095

મહદ અંશે સફળતા પણ મળી છે. આ જ પ્રકારે ગાંધીનગર જિલ્લામાં પણ ૧૦૯૫ સેવા શરુ કરવા ગતિવિધિ ચાલી રહી છે. તેમ જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે જણાવ્યું છે. આ નંબર પર કોલ કરાતા પોલીસ કંટ્રોલને બદલે સીધો ટ્રાફીક પોલીસમાં જ કોલ જશે અને જે ટ્રાફીકની સમસ્યા જિલ્લાના કોઈ પણ વિસ્તારમાંથી આવશે તેને ધ્યાને લઈને નજીકના ટ્રાફીક પોઈન્ટ પરથી ટ્રાફીકના માણસો મોકલી આપી તે સમસ્યાનું સમાધાન કરવા યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

ટૂંકી મુદતની જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ કચેરીની ગાંધીનગરમાં જુદી જુદી જગ્યાએ આવેલ લેબમાં કાર્યરત તમામ સ્પ્લીટ એ.સી.નો સ્પેરપાર્ટસ સાથેનો વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ આપવાનો થાય છે. જેના માટે તમામ કરવેરા સહિતના ભાવપત્રક મંગાવવામાં આવે છે. ઈસમોએ કચેરીની વેબસાઈટ http://btm.gujarat.gov.in પરથી કચેરી દ્વારા આપવામાં આવેલ ફોર્મ ડાઉનલોડ કરીને તેમાંજ ભાવ ભરવાના રહેશે. ફોર્મ ભરેની તા.૩૦/૧૨/૨૦૧૩ સાંજે ૪-૦૦ કલાક સુધીમાં નીચેના સરનામે પહોંચાડવાના રહેશે.

માહિતી/૧૯૭૨/૧૩-૧૪ **મિશન નિયામક**

કચેરીનું સરનામું : ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, બ્લોક નં. ૧૧, ૯મો માળ, ઉદ્યોગભવન, ગાંધીનગર-૩૮૨૦૧૭

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (જાંબુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફ્રીઈંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે

અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી ઈન્ટે. ગુ.રા., ગાંધીનગર તથા આઈ.જી.પી. શ્રી કોસ્ટર સીક્યુરીટી અમદાવાદ ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્ર તથા કામગીરીની 'કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા' પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૨૪/૧૨/૧૩થી તા. ૧૩/૧/૧૪ સુધીમાં અધિક પો.મહા.શ્રી ઈન્ટે. ગુ.રા. ગાંધીનગરની કચેરી ખાતેથી રૂ. ૫૦૦/- (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે ટેકનીકલ બીડ મીટીંગ તા.૧૩/૧/૧૪ રોજ ૧૫-૩૦ કલાકે અધિક. પો.મહા.શ્રી ઈન્ટે. ગુ.રા. ગાંધીનગરની કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રક અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૧૩/૧/૨૦૧૪ના રોજ ૧૩-૦૦ કલાક સુધીમાં રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર **સહી/-**
તારીખ : ૨૪/૧૨/૧૩ **(ડી. એસ. ભટ્ટ)**
નાયબ પોલીસ મહાનિરીક્ષક (વ)
માહિતી/૧૯૮૧/૧૩-૧૪ **ઈન્ટે ગુ.રા. ગાંધીનગર**

લીકેજ-મુક્ત ઘરો માટે
SEAL & DRY
Waterproofing the champions
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (ગુજ્જાર/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com